بسم اللہ الرحمن الرحیم نحمدہ و نصلی علی رسولہ الکریم وعلی عبدہ المسیح الموعود
لا الٰہ الا اللہ محمد رسول اللہ
دفتر مجلس انصار اللہ بھارت
Office Of The Majlis Ansarullah Bharat
Mohallah Ahmadiyya Qadian-143516, Distt.Gurdaspur (Punjab) INDIA
Ph:+91-1872-220186, Fax: +91-1872-224186, Mob. +91-98154-94687, E-mail:ansarullahbharat@gmail.com

حوالہ نمبر/Ref ________ تاریخ/Date ________

# નમ્રતાના પ્રકાશમાં પયગંબર મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ના ઉમદા ચારિત્ર્યનું હૃદયસ્પર્શી વર્ણન.

أَشْهَدُ أَنْ لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَحْدَهُ لَا شَرِيكَ لَهُ وَأَشْهَدُ أَنَّ مُحَمَّدًا عَبْدُهُ وَرَسُولُهُ أَمَّا بَعْدُ فَأَعُوذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيمِ۔
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيمِ۔ اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِينَ۔ الرَّحْمٰنِ الرَّحِيمِ۔ مٰلِكِ يَوْمِ الدِّينِ۔
إِيَّاكَ نَعْبُدُ وَإِيَّاكَ نَسْتَعِينُ۔ اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيمَ۔
صِرَاطَ الَّذِينَ أَنْعَمْتَ عَلَيْهِمْ غَيْرِ الْمَغْضُوبِ عَلَيْهِمْ وَلَا الضَّالِّينَ۔

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના અમીરુલ મોમિનીન હઝરત મિરઝા મસરૂર અહમદ ખલીફતુલ મસીહ અલ ખામીસ અય્યદહુલ્લાહ તઆલા ,તા .22 મે 2026 સ્થળ: મસ્જિદ મુબારક, ઇસ્લામાબાદ, યુ.કે**

તશહુદ, તઆઉઝ અને સુરાહ અલ-ફાતિહાની તિલાવત બાદ હુઝુર અનવર અય્યદહુલ્લાહ તઆલા એ ફરમાવ્યું:

આંહઝરત સ. અ. વ. ના જીવન ચરિત્રનું પાસું અજઝો ઇન્કસારનું વર્ણન થઈ રહ્યું હતું આજે પણ એજ વર્ણન છે આપ સ. અ. વ. નાની નાની બાબતોના ઉદાહરણો આપીને આ વાત વ્યક્ત કરતા હતા. પવિત્ર પયગંબર (સ.અ.વ.) એ ફરમાવ્યું: હું ગુલામની જેમ ખાઉં છું અને ગુલામ બેસે છે તેમ બેસું છું, કારણ કે હું પણ એક બંદો છું. એટલે કે, મારામાં રાજા અને ઉમરાવો જેવો ઘમંડ અને સ્વ-મહત્વ નથી.

હઝરત અનસથી બયાન છે કે અલ્લાહના રસૂલની ઊંટડી જેનું નામ અદબા હતું, તે ઊંટડી એટલી તેજ હતી કે બીજો કોઇ ઊંટ તેનાથી આગળ નીકળી શક્તો ન હતો . એક બદવી તેના એક જવાન ઊંટ પર સવાર થઈને આવ્યો અને દોડમાં તે ઊંટ અદબાથી આગળ નીકળી ગયો, તેથી મુસ્લિમો ખૂબ જ નારાજ થયા કે અદબા પાછળ રહી ગઇ અને તમે આગળ નીકળી ગયા. તેમના વર્તન પર અલ્લાહના રસૂલે ફરમાવ્યું: અલ્લાહનો અધિકાર છે કે તે આ દુનિયામાં જે પણ વસ્તુને ઊંચો કરે છે તેને નીચે પણ દેખાડે છે.

પછી નમ્રતાનું બીજું ઉદાહરણ હઝરત ઉમર (રઝી) દ્વારા વર્ણવવામાં આવ્યું છે, જેમણે ફરમાવ્યું કે મેં પવિત્ર પયગંબર (સ.અ.વ.) પાસે ઉમરાહ કરવાની પરવાનગી માંગી. આપે કૃપા કરીને પરવાનગી આપી અને ફરમાવ્યું: ઓ મારા ભાઈ, તમારી દુઆઓમાં મને ભૂલશો નહીં. હઝરત ઉમર (રઝી) એ વર્ણવ્યું કે આપે એવી વાત કહી હતી કે જો તેના બદલામાં મને આખી દુનિયા મળી હોત તો પણ હું ખુશ ન થાત.

આપ સ. અ. વ. પર દુરૂદ મોકલવાને અલ્લાહ તઆલાએ દુઆઓની કબૂલાત માટે આવશ્યક બનાવ્યો છે. પરંતુ નમ્રતાની પરાકાષ્ઠા એ છે કે આપ પોતાના મુરીદમાંથી એકને પોતાના માટે દુઆ કરવાનું કહી રહ્યા છે.

હઝુરઅનવરે ફરમાવ્યું: હઝરત નબી (સ.અ.વ.) ક્યારેય કોઈ પણ કામ કરવામાં શરમ અનુભવતા નહોતા, ભલે તે નાનું પણ હોય. આપ પોતે તે કરતા હતા અને બીજાઓને બતાવતા હતા અને શીખવતા પણ હતા. તેથી એક રિવાયત છે કે પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) એક છોકરા પાસેથી પસાર થયા. તે બકરીનું ચામડું ઉતારી રહ્યો હતો. તેથી આપે તેને એક બાજુ લઈ ગયા અને ફરમાવ્યું, પાછો હટી જા જેથી હું તને સાચો રીત બતાવી શકું, કારણ કે મને નથી લાગતું કે તું ચામડું કાઢવામાં કુશળ છે. તેથી આપે ચામડા અને માંસ વચ્ચે પોતાનો હાથ દાખલ કર્યો અને તેને અંદર લઈ ગયા જ્યાં સુધી તે બગલ સુધી છુપાઈ ન ગયો. પછી આપે ફરમાવ્યું, ઓ છોકરા, આ રીતે ચામડું કાઢ. આપે તેના માટે બધું કામ કર્યું અને તેને શીખવ્યું.

હઝરત ખબ્બાબની પુત્રીથી વર્ણન છે કે તે અલ્લાહના રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પાસે એક બકરી દૂધ દોહવા માટે લાવી હતી. તેથી આપે તેને બાંધી અને દૂધ દોહ્યું. આપે ફરમાવ્યું: મારી પાસે એક મોટું વાસણ લાવો. તેથી હું એક મોટું વાસણ લાવી અને આપે તેમાં દૂધ દોહ્યું જ્યાં સુધી તે ભરાઈ ન ગયું. પછી આપે ફરમાવ્યું: જાતે પીઓ અને તમારા પડોશીઓને પણ પીવા આપો.

હઝરત અનસ બિન મલિકે બયાન કર્યું છે કે જ્યારે કોઈ વ્યક્તિ નબી કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) સામે આવતો તો આપ તેનાથી હાથ મિલાવતા જ્યાં સુધી તે વ્યક્તિ તેનો હાથ ન હટાવતો ત્યાં સુધી આપ પોતાનો હાથ ન હટાવતા અને તે વ્યક્તિ જ્યાં સુધી પોતાનો ચહેરો ન હટાવતો ત્યાં સુધી આપ પોતાનો મુબારક ચહેરો ન ફેરતા. ઝાહીર નામનો એક સહાબી જે ખાનાબદોશમાંથી હતા ગામડામાંથી આપ સ. અ. વ. માટે ઉપહાર લાવતો હતો અને જ્યારે તે પાછો જતો ત્યારે આપ સ. અ. વ. તેને પર્યાપ્ત ધન આપી રવાના કરતા હતા. આંહઝરત સ. અ. વ. ફરમાવતા હતા કે ઝાહીર ખાનાબદોશોમાંથી મારો મિત્ર છે અર્થાત ગામડામાં રહેનાર મિત્ર અને હું શહેરમાં રહેનાર મિત્ર છું.

એક દિવસ, ઝહીર બજારમાં પોતાનો કોઈ સામાન વેચી રહ્યા હતા ત્યારે નબી કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) તેની પાસે આવ્યા અને પાછળથી ગળે મળ્યા હઝરત ઝાહીર રઝી. આંહઝરત સ. અ. વ. ને જોઈ ન શકતા હતા જેથી તેમણે પૂછ્યું કોણ છે? મને છોડી દો. પરંતુ જ્યારે તેણે પાછળ ફરીને પયગંબર સાહેબને ઓળખી લીધા, ત્યારે તેણે પોતાની કમર પયગંબર સાહેબની છાતી પર મળવા લાગી. પયગંબર સાહેબે કહેવાનું શરૂ કર્યું, "આ ગુલામ કોણ ખરીદશે?" હઝરત ઝહીરે કહ્યું, "હે અલ્લાહના રસૂલ! તો પછી આપ મને ખોટનો સોદો જોશો. મને કોણ ખરીદશે?" પયગંબર સાહેબે ફરમાવ્યું "અલ્લાહની નજરમાં, તમે ખોટ નો સોદો નથી." અથવા, આપે ફરમાવ્યું , "તમે અલ્લાહની નજરમાં ખૂબ મૂલ્યવાન છો."

હઝરત ઇમામ હુસૈન (રઝી.) ફરમાવે છે કે મેં મારા પિતાને અલ્લાહના રસૂલ (સ.અ.વ.) પોતાના ઘરમાં પ્રવેશ વિશે પૂછ્યું હઝરત અલી (રઝી.) એ ફરમાવ્યું કે જ્યારે અલ્લાહના રસૂલ (સ.અ.વ.) પોતાના ઘરમાં

પ્રવેશતા હતા, ત્યારે તેઓ ઘરમાં વિતાવેલા સમયને ત્રણ ભાગમાં વહેંચતા હતા. એક ભાગ તેઓ અલ્લાહ તઆલાને સમર્પિત કરતા હતા, એક ભાગ તેમના પરિવારને સમર્પિત કરતા હતા અને એક ભાગ પોતાને સમર્પિત કરતા હતા. પછી તે પોતાનો હિસ્સો પોતાના અને લોકો વચ્ચે વહેંચી દેતા, અને ખાસ સાથીઓ દ્વારા, તે સામાન્ય લોકો સુધી ધાર્મિક બાબતો પહોંચાડતા, તેમની પાસેથી કંઈપણ છુપાવતા નહીં.

હઝુરે ફરમાવ્યું: આપ સ. અ. વ. પાસે પહેલી વહ્યી અવતરી તેનાથી પણ આપની નમ્રતા અને વિનમ્રતા પણ દર્શાવે છે. હઝરત મુસ્લેહ મૌઉદ ફરમાવે છે: પહેલી વહ્યી ગારે હીરાની ગુફામાં અવતરી હતી, જેમાં જીબ્રાઈલ રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને દેખાયા અને કહ્યું ઈકરા અર્થાત વાંચ. રસૂલે કરીમ અ. અ. વ. એ ફરમાવ્યું મને વાંચતા નથી આવડતું અર્થાત આં બોઝ મારા ઉપર ન નાખવામાં આવે કેમ કે તે સમયે આપ સ. અ. વ. ની સામે કોઈ પુસ્તક મુકવામાં નહોતું આવ્યું જેને આપે વાંચવાનું હતું બલ્કે જે કઈ જીબ્રાઇલ કહેતા આપે જુબાની કહેવાનું હતું જે આપ કહી શકતા હતા પરંતુ આપે ઇન્કાર કર્યો  જોકે આં કાર્ય માટે અલ્લાહે આપ ને સ્વીકાર કર્યો હતો એટલે વારંવાર કહેવામાં આવ્યું કે વાંચો અને જ્યારે ત્રીજી વખત કહેવામાં આવ્યું ત્યારે આપે વાચ્યું.

હઝરત ઉમર (રઝી) થી બયાન છે કે હું એક વાર પયગંબર (સ. અ. વ.) પાસે આવ્યો. તે પોતાના રૂમમાં બેઠા હતા અને તે સમયે તે એક સાદડી પર હતા અને તેમની અને કોથળા વચ્ચે કંઈ નહોતું અને તેમના માથા નીચે ખજૂરની છાલથી ભરેલું ચામડાનું ઓશીકું હતું અને તેમના પગ પાસે નારિયેળના પાનનો ઢગલો હતો. મેં તેમની બાજુમાં સાદડીનું નિશાન પણ જોયું. આ જોઈને હું રડી પડ્યો. પયગંબર (સ. અ. વ.) એ પૂછ્યું કે તમને શું તકલીફ છે? મેં કહ્યું, હે અલ્લાહના રસૂલ (સ.અ. વ.), કીસરા વ કૈસર આરામમાં છે. તમે અલ્લાહના રસૂલ છો અને આ સ્થિતિમાં છો.

શું તમે ખુશ નથી કે આ દુનિયા તેમના માટે છે અને આખેરત આપણા માટે છે? આપ હંમેશા ખરાબ વર્તન કરનારા લોકો સાથે પણ સૌમ્ય અને નમ્ર રહેતા હતા. અબુ હુરૈરાહથી બયાન છે કે એક માણસ અલ્લાહના રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પાસે આવ્યો અને પોતાનાઓ અધિકાર મેળવ્યો અને કઠોરતાથી બોલ્યો. સહાબા કીરામ ગુસ્સે થયા, પરંતુ અલ્લાહના રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) એ ફરમાવ્યું : તેને છોડી દો અને એક ઊંટ ખરીદો અને તેને આપી દો. સહાબા એ કહ્યું: અમને તેના દેવા જેટલું ઊંટ નથી મળી રહ્યું, પરંતુ અમને તેના કરતાં વધુ કિંમતી ઊંટ મળી રહ્યા છે. આપે ફરમાવ્યું : તેને આપો કારણ કે તમારામાં શ્રેષ્ઠ તે છે જે દેવું ચૂકવવામાં શ્રેષ્ઠ છે. મક્કાની જીત સમયે, હઝરત અબુ બકર પોતાના પિતા સાથે પવિત્ર પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પાસે આવ્યા. પવિત્ર પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) એ તેમને જોયા અને ફરમાવ્યું : ઓ અબુ બકર! તમારે આ વૃદ્ધ માણસને ઘરે રહેવા દેવો જોઈએ. હું પોતે તેમની પાસે આવ્યો હોત. આથી, હઝરત અબુ બકરે કહ્યું: હે અલ્લાહના રસૂલ! તે તમારી સેવામાં રહેવાને વધુ લાયક છે. તેમણે તેને પવિત્ર પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ની સામે બેસાડ્યો. પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) એ તેમની સીના પર હાથ ફેરવ્યો અને ફરમાવ્યું, "ઇસ્લામ સ્વીકારો તમે સુરક્ષિત રહેશો." તેથી અબુ કુહાફાએ ઇસ્લામ સ્વીકાર્યો. આપ સ. અ. વ. ના ઘર વિશે હઝરત હસન (રઝી)થી બયાન છે કે પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ના દરવાજા બધા માટે ખુલ્લા હતા. આપ સ. અ. વ. માટે કોઈ દ્વારપાલ નહોતો, અને

સવાર-સાંજ મોટા વાસણોમાં ભોજન પીરસવામાં આવતું નહોતું. એટલે કે, ઉચ્ચ ગુણવત્તાનું ભોજન પીરસવામાં આવતું નહોતું. તે દિવસોમાં જે કોઈ અલ્લાહના રસુલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ને મળવા માંગતો હતો તે તેમને સરળતાથી મળી શકતો હતો. તેઓ જમીન પર બેસતા હતા. તેઓ સાદા અને જાડા કપડાં પહેરતા હતા. તેઓ ગધેડા પર સવારી કરતા હતા. તેઓ લોકોને તેમની સવારી પાછળ બેસાડતા હતા અને ખાધા પછી, તેઓ તેમની આંગળીઓ ચાટતા હતા, એટલે કે તેમને સાફ કરતા હતા.

આંગળીઓ ચાટવા અંગે હઝરત ઝૈનુલ આબિદ્દીન વલીઉલ્લાહ શાહ સાહેબની એક નોંધ છે, જેમાં તેઓ હઝરત ડૉ. મીર મુહમ્મદ ઇસ્માઇલ સાહેબને ટાંકીને લખે છે કે ડોકટરો સહમત છે કે માનવ હાથની આંગળીઓમાં સ્પર્શ કરવાની વિશેષ શક્તિ હોય છે. તેથી, જો કોઈ ખાધા પછી આંગળીઓ ચાટે તો તે પાચન માટે ફાયદાકારક છે.

મસ્જિદની સફાઈ અંગે, હઝરત યાકુબ બિન ઝૈદ (રઝી) થી બયાન છે કે અલ્લાહના રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) મસ્જિદમાં પડેલ કચરો લાઠી વડે સાફ કરતા અર્થાત લાઠી આગળ કાપડ બાંધીને સફાઈ કરતા હતા.

હઝરત મસીહ મૌઉદ અલયહિસ્સલામ ફરમાવે છે: અલ્લાહ તઆલા ખૂબ જ દયાળુ અને ઉદાર છે. તે દરેક રીતે માણસનું પાલન-પોષણ કરે છે અને તેના પર દયા કરે છે, અને આ દયાને કારણે, તે પોતાના મામૂર અને સંદેશવાહકોને આ દુનિયાના લોકોને પાપી જીવનથી બચાવવા માટે મોકલે છે. પરંતુ ઘમંડ એક ખૂબ જ ખતરનાક રોગ છે. જે વ્યક્તિમાં આ જન્મે છે તેના માટે આ આધ્યાત્મિક મૃત્યુ છે. હું ખાતરીપૂર્વક જાણું છું કે આ રોગ હત્યા કરતાં પણ ખરાબ છે. ઘમંડી વ્યક્તિ શેતાનનો ભાઈ બની જાય છે. કારણ કે ઘમંડ શેતાનને અપમાનિત કરે છે. તેથી, એક આસ્તિકની સ્થિતિ એ છે કે તેનામાં કોઈ ઘમંડ ન હોવો જોઈએ, પરંતુ તેનામાં ઇન્કસાર, આજઝી, ફરોતની, અને નમ્રતા જોવા મળે, અને આ અલ્લાહ તઆલાના સંદેશવાહકોનું લક્ષણ છે. તેમની પાસે અત્યંત દરજ્જાની નમ્રતા હોય છે. અને સૌથી ખાસ, પવિત્ર પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) માં આ લક્ષણ હતું.

આપ સ. અ. વ. ના એક સેવકને પૂછવામાં આવ્યું, "તમારી સાથે આપ સ. અ. વ. નો શું મામલો છે?" તેણે કહ્યું, "સત્ય એ છે કે આપ સ. અ. વ. મારા કરતા પણ વધુ મારી સેવા કરે છે." અલ્લાહ હુમ્મા સલ્લે અલા મુહમ્મદીવ વ અલા આલે મુહમ્મદ વ બારીક વ સલ્લીમ.

અલ્લાહ તઆલા આપણને પવિત્ર પયગંબર (સ.અ.વ.) ની શિક્ષાઓ અને તેમની સુન્નતનું પાલન કરતી વખતે નમ્ર બનવાની ક્ષમતા આપે. અંતે, હઝુરઅનવર અય્યદહુલ્લાહ તઆલા બિનસરીહિલ અલ-અઝીઝે મર્હુમ મલિક દાઉદ મહમૂદ સાહેબ ઇબ્ને મુહમ્મદ ઇશાક સાહેબના સારા કાર્યોનો ઉલ્લેખ કરતા જાહેરાત કરી કે જનાજા ગાએબની નમાઝ અદા કરવામાં આવશે.

اَلْحَمْدُ لِلّٰهِ نَحْمَدُهُ وَنَسْتَعِيْنُهٗ وَنَسْتَغْفِرُهٗ وَنُؤْمِنُ بِهٖ وَنَتَوَكَّلُ عَلَيْهِ وَنَعُوْذُ بِاللّٰهِ مِنْ شُرُوْرِ اَنْفُسِنَا وَمِنْ سَيِّئَاتِ اَعْمَالِنَا
مَن يَّهْدِهِ اللّٰهُ فَلاَ مُضِلَّ لَهُ وَمَنْ يُّضْلِلْهُ فَلاَ هَادِىَ لَهُ وَنَشْهَدُ أَنْ لَآ اِلٰهَ اِلاَّ اللّٰهُ وَنَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ
عِبَادَ اللّٰهِ رَحِمَكُمُ اللّٰهُ اِنَّ اللّٰهَ يأْمُرُ بِالْعَدْلِ وَالْاِحْسَانِ وَاِيْتَآءِ ذِى الْقُرْبٰى وَيَنْهٰى عَنِ الْفَحْشَآءِ وَالْمُنْكَرِ وَالْبَغْيِ
يَعِظُكُمْ لَعَلَّكُمْ تَذَكَّرُوْنَ اُذْكُرُوا اللّٰهَ يَذْكُرْكُمْ وَادْعُوْهُ يَسْتَجِبْ لَكُمْ وَلَذِكْرُ اللّٰهِ اَكْبَرُ ۔